
યુરોપના અનેક શહેરોમાં ડેટા સેન્ટરોની વિરુદ્ધમાં વિરોધ પ્રદર્શનો





યુકે, ડેન્માર્ક, સ્પેન, પોલેન્ડ વગેરે અનેક દેશોના શહેરોમાં લોકો બેનરો લઇને ઉમટી પડ્યા

લંડન, તા. ૯: શનિવાર, 7 નવેમ્બરના રોજ ડબ્લિન, લંડન અને ડેનમાર્કમાં દેખાવકારોએ શેરીઓમાં ઉતરીને ડેટા સેન્ટરના વિકાસ અને લિલી સ્કેન્સવેડ ખાતેના માઈક્રોસોફ્ટના ડેટા સેન્ટર સહિતની નવી સુવિધાઓની યોજનાઓ સામે વિરોધ વ્યક્ત કર્યો હતો.

શનિવારે આયર્લેન્ડના ડબ્લિનમાં ડેટા સેન્ટર વિકાસ સામેના વિરોધ પ્રદર્શનમાં પરાળ અને શણનું ફેસ માસ્ક પહેરેલો એક વિરોધકર્તા ભાગ લઈ રહેલો દેખાતો હતો જ્યારે શહેરના કેન્દ્રમાં ડેટા સેન્ટર્સનો વિરોધ કરી રહેલા પ્રદર્શનકારીઓ સાઇનબોર્ડ્સ હાથમાં રાખીને ઉભા હતા. જ્યારે હેવરિંગના બોરોમાં ડેટા સેન્ટર બનાવવાની યોજનાઓ સામે હોર્નચર્ચ, લંડનમાં એક વિરોધ પ્રદર્શન દરમિયાન બેનર પ્રદર્શિત કરવામાં આવ્યું હતું. ડેનમાર્કના લિલી સ્કેન્સવેડ ખાતે માઈક્રોસોફ્ટના ડેટા સેન્ટરની સામે ડેટા સેન્ટર્સનો વિરોધ કરવા માટે લોકો એકઠા થયા હતા. સ્પેનના મેડ્રિડમાં ડેટા સેન્ટર વિકાસ સામેના વિરોધ પ્રદર્શન દરમિયાન એક નાની છોકરી સ્પેનિશ ભાષામાં લખાણવાળું બોર્ડ પહેરીને ઉભી છે, જેમાં લખ્યું છે: "વધુ બિલાડીઓ, ઓછા ડેટા સેન્ટર્સ". પોલેન્ડના વૉર્સોમાં ડેટા સેન્ટર્સ સામેના વિરોધ દરમિયાન દેખાવકારોએ બોર્ડ પકડ્યા હતા જેના પર લખ્યું હતું: "આ રોકાણનો વાસ્તવિક ખર્ચ શું છે?", "વિશ્વને AIના કચરામાં ડૂબવા ન દો!" અને "પાણીનો વપરાશ: 1 ડેટા સેન્ટર = 3,000 લોકો. અને તેઓ આપણને પાણી બચાવવાનું કહે છે?!" એક તસવીરમાં, મોં પર સ્કાર્ફ બાંધેલા પ્રદર્શનકારીઓ શુક્રવાર, 6 નવેમ્બર, 2026 ના રોજ એમ્સ્ટરડેમમાં એક નવું માઇક્રોસોફ્ટ ડેટા સેન્ટર બની રહ્યું છે તે જગ્યાની અસ્થાયી બાંધકામ ફેન્સિંગ પર ચડતા જોવા મળ્યા હતા.































યશવી ફાઉન્ડેશન દ્વારા 'ચતુર્થ સર્વજ્ઞાતિ સમૂહલગ્ન'

૧૧૧ દીકરીઓના સપનાને મળશે પાંખો

સુરતની ખ્યાતનામ સામાજિક સંસ્થા 'યશવી ફાઉન્ડેશન ચેરિટેબલ ટ્રસ્ટ' દ્વારા માનવતાના સેવાયજ્ઞરૂપે માતા-પિતા વિહોણી, અનાથ, ગરીબ અને આર્થિક રીતે અસમર્થ પરિવારોની ૧૧૧ દીકરીઓ માટે 'ચતુર્થ સર્વજ્ઞાતિ સમૂહલગ્ન'નું આયોજન કરવામાં આવ્યું છે. કોઈપણ જ્ઞાતિ-જાતિના ભેદભાવ વિના યોજાનારા આ લગ્ન મહોત્સવના સત્તાવાર રજિસ્ટ્રેશનનો પ્રારંભ કરી દેવામાં આવ્યો છે, જેના પોસ્ટરનું અનાવરણ નવરાત્રીના પ્રથમ દિવસે જ કેન્દ્રીય મંત્રી સી.આર. પાટીલના વરદ હસ્તે કરવામાં આવ્યું હતું. અગાઉ વર્ષ ૨૦૨૪માં ૨૧, ૨૦૨૫માં ૫૧ અને ૨૦૨૬માં ૧૦૧ ના રોજ યોજાયેલા સમૂહલગ્નોની ભવ્ય સફળતા અને આ દીકરીઓને કન્યાદાન આપ્યા બાદ, સંસ્થાએ સેવાના વ્યાપને વધારીને આ વખતે ૧૧૧ દીકરીઓનો ઘર સંસાર વસાવવાનો મક્કમ સંકલ્પ કર્યો છે. આ સેવાયજ્ઞ અંતર્ગત જે દીકરીઓએ માતા-પિતા બંને ગુમાવ્યા છે, જે પિતા વિહોણી છે, આર્થિક રીતે અત્યંત પછાત છે અથવા જરૂરિયાતમંદ છે, તેવી કન્યાઓને વિશેષ અગ્રિમતા આપવામાં આવશે. નવદંપતીઓને નવું ઘર વસાવવા માટે જરૂરી ઘરવખરીની ચીજવસ્તુઓ, સોના-ચાંદીના દાગીના, કપડાં, વાસણો અને ઇલેક્ટ્રોનિક્સ ઉપકરણો સહિતનો ભવ્ય કરિયાવર નિઃશુલ્ક ભેટ અપાશે.

યશવી ફાઉન્ડેશનના ફાઉન્ડર પરેશભાઈ ખંડેલવાલના જણાવ્યા અનુસાર અમારી સંસ્થા વર્ષ ૨૦૨૦થી જ વિવિધ સેવાકીય કાર્યો સાથે જોડાયેલી છે. જેમાં અન્નસેવા, HIV પીડિત દીકરીઓના રહેઠાણની વ્યવસ્થા માટે આનંદ વાટિકા, જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓ માટે શિક્ષણ સેવા, કેન્સર પીડિતો માટે સહાય, યશવી નવરાત્રીમાં વિવિધ કોમ્યુનિટીને ગરબે ઘુમાવવાનો અવસર તેમજ સુરત સિવિલ હોસ્પિટલમાં દર્દીઓ અને તેમના સ્વજનોને વિનામૂલ્યે "પ્રસાદમ"ના ભાગરૂપે ભોજનની સેવા સાથે કાર્યરત છે. અને આ જ સેવા યજ્ઞને આગળ ધપાવતા માતા પિતાવિહોણી અને જરૂરિયાતમંદ દીકરીઓના સપનાના સાકાર કરવા માટે વર્ષ ૨૦૨૪થી અમે સમૂહલગ્નનું આયોજન કરતા આવ્યા છે. આમ, અત્યાર સુધી ૧૭૩ દીકરીઓને પ્રભુતામાં પગલાં માંડાવ્યા છે અને હવે આ વર્ષ ૧૧૧ દીકરીઓને આ સમૂહલગ્નમાં અમે જોડવા જઈ રહ્યા છે.



રજિસ્ટ્રેશન ક્યાં કરાવવું..?

સ્થળ : ૧૫૦૫, રિયો એમ્પાયર, રિલાયન્સ માર્ટની બાજુમાં, પાલ, સુરત.
સમય : સોમવારથી શનિવાર (સવારે ૧૦:૦૦ થી સાંજે ૬:૦૦)
હેલ્પલાઇન નંબર : +૯૧ ૭૫૭૪ ૮૨૮૬૫, +૯૧ ૭૪૯૦૦ ૪૯૦૦૭
(નોંધ : માતા-પિતા વિહોણી, પિતા વિહોણી અને આર્થિક રીતે અસમર્થ કન્યાઓને વિશેષ અગ્રીમતા)